**Sandesh**

**Edition:** Vadodara | **Date:** 15th February, 2013 | **Page No.:** 02

# વેપાર શરૂ કરતા પહેલા યુવાનોએ નોકરી કરવી જોઈએ : પ્રેમરાજ કશ્યપ

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા, તા.૧૪



વીસીસીઆઇ એક્સપોમાં હાજરી સમયે કોનમેટ કંપનીના એમડી પ્રેમરાજ કશ્યપે જણાવ્યું હતું કે, વેપાર કરવાની ઇચ્છા રાખતા યુવાનોને એક વખત નોકરી કરી અનુભવ મેળવવો જોઇએ. જેથી વેપાર દરમિયાન આવનાર મુશ્કેલીઓને સમજી તેના નિરાકરણના યોગ્ય નિર્ણય લેવામાં સહેલાય રહે.

એક સૂટકેસ અને પરિવારને લઇ ૧૯૯૫ માં વડોદરામાં આવેલા પ્રેમરાજ કશ્યપ આજે વડોદરાની ટોપટેન કંપનીમાં નામના મેળવતી કોનમેટ કંપનીના એમડી બની ગયા છે. તેમને પોતાના જીવનના ઉતાર ચઠાવ બબાતે જણાવ્યું હતું કે, દરેક માનવીના જીવનમાં ઉતાર ચઠાવ આવતા હોય છે. પરંતુ તેની સામે લડત આપી સતત આગળ વધવાની ભાવના જ માનવીને સફળતા અપાવતી હોય છે. મારા જીવનમાં સફળતાએ માત્ર એક પગથિયું છે, જેને મેળવ્યા બાદ મને આગળ કામ કરવાની હિંમત અને પ્રોત્સાહન મળે છે. તેમણે ઉમેર્યુ હતું કે, આજના યુવાનોમાં વેપાર કરવાની પ્રબળ ઇચ્છા હોય છે. પરંતુ વેપાર શરૂ કરતા પહેલા યુવાનોએ નોકરીનો અનુભવ લેવાની જરૂરિયાત હોય છે. જો તેઓ નોકરીનો અનુભવ લઇ વેપારમાં ઝંપલાવે તો વેપારના તમામ પાસાની સમજણ અને સાચા નિર્ણય લેવાની બુદ્ધિ કેળવાય છે. કોઇપણ કંપની શરૂ કરતા સમયે તેમજ તેને ચલાવતા સમયે માર્કેટ ઇન્ફોર્મેશનની પણ તેટલી જ જરૂરિયાત હોય છે.ટેક્સ વિષે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું, ટેક્સ બચાવવા માટે મહેનત કરતી કંપનીઓની માત્ર દેશનું જ નહિં તેમને પોતાનું પણ નુકસાન કરે છે. કંપનીઓ દ્વારા જે શક્તિ ટેક્સ બચાવવા પાછળ ખર્ચવામાં આવે છે, તેના ઉપયોગથી કંપની નફાનું પ્રમાણ વધારી શકે છે. જે કંપનીના વિકાસ માટે અગત્યનો ફાળો ભજવે છે.

એફડીઆઇ બાબતે તેમણે જણાવ્યું હતું કે, એફડીઆઇ ભારતના અર્થતંત્ર માટે સારી બાબત છે. તેનાથી બે પ્રકારના ફાયદા થશે, પહેલું વિદેશની મૂડી ભારતમાં આવશે અને બીજું ભારતીય ટેકનોલોજી વિશ્વની ટેકનોલોજી સાથે હરીફાઇમાં આવતા વધારે અપગ્રેડ થશે. પરંતુ એફડીઆઇ માટે એક સીમા નિયત કરવાની જરૂરિયાત છે. જેથી ભારતનું અર્થતંત્ર વિશ્વના બજારોમાં થતાં અપડાઉન્સની ગંભીર અસરો ન આવે.